શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

ફોન : ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨
ફેક્સ : ૮૪૭-૪૫૦-૧૭૧૮
http://www.shreejalarammandir.org

૪૨૫ ઇલીનોઇસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઇલીનોઇસ - ૬૦૧૬૯

જાન્યુઆરી ૨૦૧૫ | Year : 7 | Vol : 23

## આગામી કાર્યક્રમો

**- મહા શિવરાત્રી -**

મંગળવાર, ફેબ્રુઆરી ૧૭ - સાંજે ૫:૦૦

**- શ્રી જલારામબાપાની પૂણ્યતિથી -**

સોમવાર, ફેબ્રુઆરી ૨૩ - ભજન સંધ્યા : સાંજે ૫:૦૦

**- હોળી / ધૂળેટી -**

ગુરૂવાર, માર્ચ ૫ - સાંજે ૫:૦૦

**- અખંડ રામધુન -**

શનિવાર, માર્ચ ૨૮ - સવારે ૯:૦૦ થી - રવિવાર, માર્ચ ૨૯ - સવારે ૧૦:૦૦ સુધી

**- રામનવમી/અન્નકુટ -**

રવિવાર, માર્ચ ૨૯ - બપોરે ૧૨:૦૦

**- હનુમાનજી જયંતિ/સુંદરકાંડ પાઠ -**

શનિવાર, એપ્રીલ ૪ - સાંજે ૫:૦૦

**- ૧૦૦ અખંડ હનુમાન ચાલીસા પાઠ -**

શનિવાર, એપ્રીલ ૧૧ - બપોરે ૧૨:૦૦

દરેક ઉત્સવ બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

આપ ઉપર જણાવેલ કોઇપણ કાર્યક્રમોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઇચ્છતા હોય તો આપને વિપુલ ઠકકરનો ૬૩૦-૯૬૫-૯૭૯૦, જીજ્ઞા ઠકકર ૮૪૭-૩૭૨-૧૫૩૩ અથવા દિપક ઠકકરનો ૮૪૭-૩૨૨-૪૬૩૪ પર સંપર્ક કરવા વિનંતી છે.

## વીરબાઈમા હોલ

આપના ઘરમાં આવતા કોઈપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ તથા રસોડુ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને ભુપેન્દ્ર ઠક્કરનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ પર સંપર્ક કરવા વિનંતિ છે

# પ્રમુખ સ્થાનેથી

**પ્રમુખઃ ભુપેન્દ્રભાઇ ઠક્કર**

સૌ વ્હાલા ભક્તજનોને હૃદય પૂર્વકના જય શ્રી જલારામ.

સહર્ષ ખુશાલી સાથે જણાવતાં આનંદ અનુભવી રહ્યો છુ કે બાપાની અસીમ કૃપાથી આપણા નવનિર્માણ થઇ રહેલા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો સમય નજીકના ભવિષ્યમાં આવી રહ્યો છે. આપ સૌ ભક્તજનો હૃદય પૂર્વક સાથ અને સહકાર અપી રહ્યા છો અને તેવો જ સાથ અને સહકાર આ આવી રહેલા સુવર્ણ પ્રસંગમાં આપતા જ રહેશો તેવી અપેક્ષા ચાહું છું.

આપ તન થી સેવા કરશો તો - કાયા નિર્મળ બનશે, આપ મનથી સેવા કરશો તો - આપનુ મન પવિત્ર બનશે, આપ ધનથી સેવા કરશો તો - આપનુ ધન પવિત્ર બનશે. શ્રધ્ધા જ્ઞાન દે છે, નમ્રતા માન દે છે અને યોગ્યતા સ્થાન દે છે.

આ ત્રણેય જેના જીવનમાં મળી જાય તો વ્યકિતને સન્માન મળે છે, બાકી તો બાવન પત્તા જેવુ છે. તમારા હાથમાં કેવા પત્તા આવશે એ નસીબની વાત છે. પણ આવેલાં પત્તામાં કેવી રીતે રમવું એ તો તમારા હાથ ની વાત છે. બાકી આ જમાનામાં જીવતા માણસને પછાડવાની અને મરેલા માણસને ઉઠાવવાની ગજબ એકતા લોકોમાં જોવા મળે છે.

આ ઘોર કલી કાળની અંદર માણસની પાસે બધીજ વસ્તુ છે પરંતુ જીવનને માણી શકતો નથી અને પામી શકતો નથી તેનુ કારણ એ છે કે પરમત્માથી દૂર છીએ અને કાવા દાવાથી નજીક છીએ. જે વ્યકિત જતુ કરવા માંગે છે તેનુ કંઇ જતુ નથી અને જે વ્યકિત જતુ કરવા નથી માગતો તેનુ કાંઇ બચતુ નથી. બાકી આપણી સમક્ષ અત્યારે અવસર મળ્યો છે સુવર્ણ તક લેવાનો. તો આ તક ઝડપી લઇએ; બાકી તો બુધ્ધીશાળી વ્યકિત અવસરની રાહ જોતો નથી અવસરની તકને પેદા કરે છે.

તો આપણે સૌ સાથે મળી આ આવેલી સુવર્ણ તક ઝીલી લઇ આપણા ધનને શુધ્ધ કરી અને સહયોગી બની બાપાનુ ઋણ ચુકવી કરૂણા દર્શાવીએ અને આ જીવન સુંદર બનાવીએ. બાકી મારા અને તમારા જીવનમાં પૈસાનું આગમન ઘરમાં ફેરફાર કરી નાંખે છે જ્યારે પ્રભુનું આગમન કે પ્રભુના માટે કરેલું દાન કે પુણ્ય સૌના જીવનનો ફેરફાર કરી નાખે છે.

વિશેષમાં જણાવવાનુ કે દર બે વર્ષની જેમ આ વર્ષે પણ આવતા બે વર્ષ માટે નવી કમીટી તૈયાર કરવાનુ કામ પુરૂ થઇ ગયુ છે અને ટુંક સમયમાં નવી કમીટીની જાહેરાત કરી દેવામાં આવશે.

તો આપ સૌને વધુ નહી કહેતાં થોડામાં ઘણુ સમજી આપનો અમય અને પૈસા જે દાન કરો છો તેનું બાપા ના ચરણો માં કોટી કોટી વંદન અને આપણા હૃદયમાં બિરાજમાન શકિતને વંદન સહ સૌને જય જલારામ.

## <u>સંસ્થા સમાચાર</u>

શ્રી જલારામ મંદિર તરફથી સૌને ઇ.સ.૨૦૧૫નું વર્ષ આપ સૌને લાભદાયી, સુખમય, સમૃદ્ધિમય અને પ્રગતિમય નીવડે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

આપ સૌ જાણો છો કે આપણા શ્રી જલારામ મંદિરના સૌ ભાવિક ભકતો જેની છેલ્લા છ વર્ષથી આતુરતા પૂર્વક રાહ જોઇ રહ્યા હતા તે સમય આવી ચૂકયો છે. મંદિરના નવનિર્માણ માટેનું કાર્ય પૂર ઝડપે ચાલી રહ્યું છે. ભગવાન શ્રી રામ તેમજ પૂ. શ્રી જલારામબાપાના આર્શીવાદ અને આપ સૌના સાથ સહકાર અને પ્રાર્થનાથી આપણે સૌ ટૂંક સમયમાં જ મૂર્તિ પ્રતિષ્ઠાનો અભૂતપૂર્વ લાભ લઇ શકીશુ.

ઓકટોબર ૨૧થી શરૂ કરી ૨૪ તારીખ સુધી આપણા હિંદુ ધર્મના સૌથી મહત્વના તહેવારો જેવા કે ધન તેરસ, કાળી ચૌદસ, દિવાળી, નૂતન વર્ષ આપણા મંદિરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. આ દિવસોમાં લક્ષ્મી પૂજા, સુંદરકાંડ પાઠ, ચોપડા પૂજન, બાળકો માટે ફટાકડા તેમજ અન્નકૂટ દર્શનનો સુંદર લાભ મોટી સંખ્યામાં ભકતોએ લાભ લીધો. નૂતન વર્ષના દિવસે અસંખ્ય ભકતો સર્વે દેવ- દેવીઓ અને પૂ. બાપાના દર્શન કરી કૃતાર્થ થયા.

આપણા મંદિરનો સૌથી મહત્વનો પ્રસંગ પૂ. જલારામબાપાની જયંતિ જે ઓકટોબર ૩૦ના રોજ ઉજવવામાં આવ્યો જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ લાભ લીધો હતો. વધારે સંખ્યામાં ભકતો ભાગ લઇ શકે તે માટે પૂ. બાપાની જયંતિનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી નવેમ્બર ૧ના રોજ ઉજવવામાં

આવ્યો. આ દિવસે સવારે ધજા પૂજા, કળશ પૂજા અને મહા પૂજાનો તેમજ અન્નકૂટ દર્શનનો લાભ અસંખ્ય ભકતોએ લીધો. સાંજના સમયે સૌ ભકતોએ શ્રી નીતીન કારીયાના કંઠે સુમધુર ભકિતરસનો લાભ પણ લીધો.

૨૦૧૪નો અંતિમ પ્રસંગ તુલસી વિવાહ નવેમ્બર ૮ના રોજ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે બન્ને પક્ષેથી યજમાનોએ તેમના પરિવાર સાથે ભગવાન શ્રી કૃષ્ણ તથા તુલસી માતાના લગ્ન ખૂબ ધામધૂમથી વાજીત્રો તેમજ ઉત્સાહભર્યા લગ્નગીતો ગાઇને સુંદર રીતે ઉજવ્યો. સૌ ભકતોએ પણ જાનમાં તેમજ માંડવે જોડાઇને પ્રસંગને દિપાવ્યો હતો.

દર સોમવારે શિવજી અભિષેક, દર શનિવારે સુંદરકાંડ પાઠ, દર અગિયારસે વિષ્ણુજી અભિષેક, દર પહેલા તથા ત્રીજા રવિવારે ભજન તથા દર પૂનમ તથા અમાસના દિવસે સંધ્યા આરતી બાદ માતાજીનો આનંદનો ગરબો થાય છે જેમાં પણ ઘણા માઇ ભકતો લાભ લે છે.

જલારામ મંદિર સમિતી વતીથી મંદિરમાં ઉજવવામાં આવતા દરેક પ્રસંગોમાં જે યજમાનોએ પૂજામાં બેસી સૌ દેવી-દેવતાઓ તેમજ આપણા આરાધ્ય દેવ પૂ. જલારામબાપાના આર્શીવાદ પામ્યા તેમનો હાર્દિક આભાર. પૂ. બાપાના ચરણોમાં ખૂબ જ પ્રાર્થના કે આપ સૌનૈ આવી રીતે સેવા કરવાનો લાભ હંમેશા આપતા રહે અને તેમના આર્શીવાદ આપના પરિવાર ઉપર હંમેશા રહે.

**જય જલારામ**

# વિચાર રત્ન-કણિકા

**સંકલન - હરીવદન ઠકકર**

સૌ ભકતોને નવા વર્ષના જય જલારામ. ૨૦૧૫નું નવુ વર્ષ સૌને ખૂબ જ આરોગ્યદાયક, લાભદાયક અને સુખકારક બનાવે તેવી પ્રભુ શ્રી રામ તથા પૂ. જલારામબાપાને પ્રાર્થના.

શ્રધ્ધા અને ભકિત, સેવા અને સહકાર, પ્રાર્થના અને આર્શીવાદ, પ્રેમ અને એકતા, સંબંધ અને બંધન જેવા અનેક સદ્ગુણો સિક્કાની બે બાજુ જેવા છે. બે

સમાંતર જતી રેખાઓ જેવા છે. અને રાગ અને દ્વેષ, વેર અને ઝેર, ઈર્ષા અને અદેખાઇ જેવા અનેક અવગુણો પણ સિક્કાની બે બાજુ, બે સમાંતર જતી રેખાઓ જેવા છે. આ બધા ગુણો કે અવગુણો બે સમાંતર લીટીની જેમ, ટ્રેનના બે પાટાની જેમ બસ બાજુ બાજુમાં ચાલ્યા જ કરશે? કયારેય તેમને મળવાનું શકય નહીં બને? તો એ સદ્ગુણોનો સંબંધ કયારે પણ નહીં બને? ના, એવુ નથી. સમજવાની વિચારશૈલીનો ફેરફાર જરૂરી છે.

એક રેખાની પાસે બિલકુલ સમીપમાં જ એક બીજી રેખા પણ દોરી શકાય છે જે સમાંતર હોવા છતાં પણ બીજી રેખા સાથે શૂન્યાંતરથી નિકટતાથી મળી જઇ શકે છે કારણ, સમાંતરનો અર્થ એ નથી કે એ દૂર જ હોવી જોઇએ. અર્થ તો એટલો જ છે કે વચ્ચેનું આદિથી અંત સુધી અંતર સમાન હોવુ જોઇએ અને એ બે પણ હોવી જોઇએ. અને બીજી બે રેખાઓ એવી પણ હોઇ શકે કે જેમાં દૂરતા જરૂર હોય છે પરંતુ અંતર તો સમાન જ રહે છે. દૂર દૂર ચાલ્યા જવા છતા પણ બન્ને વચ્ચેનું અંતર કયારેય ઘટતુ નથી. બીજા શબ્દોમાં કહીએ તો જે નૈકટયુ હતુ તે અંતર સુધી એટલુ જ રહે છે માટે એ બે રેખાઓ વચ્ચેનું અંતર બને તેટલુ નિકટ રાખવામાં, ઓછુ રાખવામાં આત્મીયતાનો અહેસાસ હંમેશા રહે છે.

જયારે અસમાંતર રેખાઓ કોઇ એક કેન્દ્ર પર અવશ્યમેવ મળે છે અને મળ્યા વગર રહી પણ શકતી જ નથી કિંતુ મિલનબિંદુ પછી તુરત જ થોડે દૂર જતા એ બન્ને એકબીજાથી દૂર દૂર થતી જાય છે જેટલી એ આગળ જાય અંતર એટલુ જ વધતુ જાય છે. અસમાંતર રેખાઓ પ્રથમ ચાલે છે ત્યારે પ્રતિદિન જાણે નિકટતા વધતી હોય એવુ જ લાગે છે પરંતુ મિલનબિંદુ બાદ પ્રતિદિન અંતર વધતુ જ જાય છે. બન્નેની દિશા, બન્નેનું ધ્યેય, બન્નેની ગતિ બિલકુલ વિપરીત બની જાય છે અને એકવાર અલગ થયા બાદ ફરીથી એ કયારેય મળી શકતી નથી.

વળી સમાંતર રેખાઓ જયારે શૂન્યાતર નિકટતાથી ચાલે છે ત્યારે એકબીજીના કદમાં વૃધ્ધિ કરે છે પરસ્પરને સમૃદ્ધ બનાવે છે જયારે અસમાંતર રેખાઓ મળે છે ત્યારે બહારથી બિલકુલ આત્મીયતા લાગે છે પરંતુ એ આત્મીયતા અંતતોગત્વા-સાચી રીતે જોઇએ તો એકબીજીને કાપીને જ ચાલે છે. જયારે અલગ થાય છે ત્યારે એક રેખાના અવશ્યમેવ બે ભાગ કરીને જ જાય છે.

અને જયારે પણ બે અસમાંતર રેખાઓ મળે છે (અને મિલનમાં જ રહેવા ઇચ્છે છે) ત્યારે એનો વિકાસ અવશ્યમેવ રોકાઇ જાય છે. એ બિંદુથી, મિલનબિંદુથી આગળ જવુ એના માટે અસંભવિત બની જાય છે કારણ કે મિલનબિંદુથી આગળ જાય તો ફરીથી અંતર વધતુ જ જાય છે. આ રીતે અસમાનનું મિલન રૂકાવટ બની જાય છે અને જયારે બે સમાન રેખાઓ સમાંતર મળતી ચાલે છે ત્યારે દૂર દૂર અનંતપાર સુધી પોતાની નિકટતાને સુરક્ષીત રાખી ચાલતી જ રહે છે - રહી શકે છે. નથી એનો વિકાસ રૂંધાતો કે નથી નિકટતા ઘટતી.

જયારે કોઇ બે દિલ પૂર્ણ રીતે પ્રેમ અને કરૂણાથી સભર બને છે ત્યારે એમની વચ્ચે એવી જ ઘટના ઘટે છે જેવી બે નિકટતમ સમાંતર રેખાઓ વચ્ચે અને કેવળ મોહ અથવા શરીરના સ્તર પર મળતી બે વિરૂધ્ધલિંગ વ્યકિત વચ્ચે એવી સ્થિતિ નિર્માય છે જેવી અસમાંતર રેખાઓ વચ્ચે. પહેલા રોજ રોજ નિકટ આવે, એક બિંદુ પર પૂર્ણ રીતે મળે અને પછી એજ લીટીની વિરૂધ્ધમાં - તદ્દન વિમુખ બની ચાલી નીકળે.

હે દયાળુ જલારામબાપા અમને પણ સદ્દગુણોરૂપી સમાંતર રેખાઓ જેવા બનાવી ભલે જીવનભર મળી ન શકીએ.

## શ્રધ્ધા અને વિશ્વાસ

જયારે આપણે ઘરની બહાર જઇએ છીએ ત્યારે દરવાજે તાળુ મારીને જઇએ છીએ કારણ કે આપણને એ તાળા ઉપર વિશ્વાસ છે કે એ આપણા ઘરની રક્ષા કરશે. આપણે જયારે હવાઇ જહાજમાં મુસાફરી કરીએ છીએ ત્યારે વિમાન ચાલક ઉપર વિશ્વાસ કરીએ છીએ કે એ આપણને સહી સલામત આપણા નિરધાર્યા સ્થળે પહોંચાડશે. આપણે જયારે નૌકામાં પ્રવાસ કરીએ છીએ ત્યારે નાવિક ઉપર આપણે પૂરો વિશ્વાસ મુકીએ છીએ કે તે આપણને બીજા કિનારે પહોંચાડશે.

આવી જ રીતે આપણી જીવનરૂપી આ નૌકામાં નાવિક તરીકે પૂ. જલારામબાપાના હાથમાં આપણે સુકાન સોંપી દઇશુ તો આપણને સહી સલામત ભગસાગરની પાર સલામત રીતે પહોંચાડશે. ફકત આપણે તેમની ઉપર પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ મુકવાની જરૂર છે.

# Letter for Volunteer

સંપ ત્યાં જંપ

સૌનો સાથ, ઝડપી વિકાસ

મિત્રો/ વડીલો,

પ.પૂ. જલારામબાપાની કૃપાથી હવે આપણું મંદિર પૂ. બાપાની મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી કરી રહ્યું છે. તે આપણા માટે ખુબજ આનંદ અને ગર્વની બાબત છે. ફકત છ વર્ષના ટુંકા ગાળામાં મંદિરનો વિકાસ /પ્રગતિ આપણા સહુની મહેનતનું પરીણામ છે. હાલમાં આપણા મંદિરનું Expansion કાર્ય ચાલી રહ્યું છે. Expansion બાદ આપણા મંદિરમાં ભકતોની સગવડમાં વધારો થશે.

મંદિરના Expansion અને મુર્તિ પ્રતિષ્ઠા પછીથી આપણી સૌની જવાબદારીમાં પણ વધારો થશે. મને વિશ્વાસ છે કે આપ સર્વે જે રીતે અત્યાર સુધીમાં વિકાસના સહભાગી થયા છો તેવી જ રીતે આગામી સમયમાં પણ ખભે ખભો મિલાવી કામ કરશો.

કોઇપણ સંસ્થાની પ્રગતીનો માપદંડ છે તેના કાર્યકર્તા / volunteers. આ કાર્યકર્તા / volunteersમાં મંદિર કમીટી મેમ્બર ત્થા સંસ્થાના પગારદારનો સમાવેશ થાય છે. આ દરેકે પોતાની ફરજ કોઇપણ જાતના પુર્વગ્રહ વગર વહાલા-દવલાંથી પર રહીને તેમજ કોઇપણ જાતની રાજરમત વગર બજાવવી જોઇએ અને જો તેમ કરવામાં આવે તો જ સાચી પ્રગતિ થઇ ગણાય.

પ્રગતિનો અર્થ સુશોભીત જગ્યા કે મોટું મકાન નથી; પરંતુ કાર્યકર્તાઓનું દરેક માટેનું નિર્દોષ વલણ છે. આપણે આપણી ફરજ ફક્ત આપણા પોતાના આત્મસંતોષ અને આપણા સ્વયંના આત્માના કલ્યાણ માટે જ કરીએ છીએ તેવી ભાવનાથી કામ કરવું જોઇએ નહીં કે કોઇ વ્યકિતને ધ્યાનમાં લઇને કે તેની પોતાની આત્મશ્લાઘા માટે નહીં. જો આ બધી બાબતોને ધ્યાને રાખીને આપણે આપણી ફરજ બજાવીએ તો જ પૂ. જલારામબાપાના રાહે ચાલીએ છીએ તેમ માની શકાય અને સાચી માનવ સેવા ગણી શકાય.

બીજુ આપણા મંદિર દ્વારા બીજી સામાજીક સેવાઓ પણ ચાલે છે જેમ કે ગુજરાતી ક્લાસ, ભારત નાટયમ્ ક્લાસ, સીનીયર સાટીઝન્સ ક્લાસ, મેડીકલ અને આયુર્વેદ ક્લીનીક. આપના મિત્ર મંડળ/ સગા સંબંધીને અને જરૂરીયાત વ્યક્તિને

જણાવી વધુમાં વધુ વ્યક્તિઓ લાભ લઇ શકે તેવો પ્રયત્ન કરવા હાર્દિક અપીલ છે.

સામાન્ય રીતે volunteer appreciation celebration December માસમાં કરતા હોઇએ છીએ પરંતુ મંદિરનું કામ ચાલતુ હોવાથી આ વર્ષે રાખી શકાયેલ નથી પરંતુ basement માં કામ પુરૂ થયેથી તારીખ નક્કી કરી સત્વરે જાણ કરવામાં આવશે.

આગામી સપ્તાહમાં આપણા મંદિરની નવી કારોબારી કમીટી ૨૦૧૫-૨૦૧૬ માટેની રચાઇ જશે. સુકાન નવી વ્યકિત સંભાળશે. તમોએ જે રીતે આટલા લાંબા સમય સુધી મને પ્રેમ અને સહકાર આપ્યો છે તેવી જ રીતે નવી નીમણુંક પામેલા સભ્યોને પણ આપતા રહેશો તેવી હાર્દિક પ્રાર્થના છે. મારા સાડા છ વર્ષના કાર્યકાળ દરમ્યાન કોઇને દુઃખ પહોંચ્યુ હોય કે મારાથી કોઇ ગેરવર્તન અજાણે થયેલ હોય તો આપનો માની ક્ષમ્ય ગણવા વિનંતી છે. આપના સર્વેનો હું આભારી અને ઋણી રહીશ.

**જય જલારામ - રાજેન્દ્ર ઠક્કર**
Volunteer Co-coordinator & Vice President

## Cook Needed / રસોઇઆની જરૂર છે

**Our Mandir will now offering Catering services and we are looking for a cook. For more details, please contact Rameshbhai at 224-678-3299 or Chandrakantbhai 630-999-1989 if you or someone who you know may be interested.**

આપણા મંદિરમાં હવે કેટરીંગ ની સેવા શરૂ કરવામાં આવી છે અને તે માટે રસોઇઆની જરૂર છે. જો આપ અથવા આપના ધ્યાનમાં કોઇ વ્યકિત હોય કે જેઓ આમાં રસ ધરાવતા હોય તો રમેશભાઇનો ૨૨૪-૬૭૮-૩૨૯૯ અથવા ચંદ્રકાંતભાઇનો ૬૩૦-૯૯૯-૧૯૮૯ પર સંપર્ક કરવા વિનંતી છે.

# જલારામ કૃપા

(જગ્યાના અભાવે આપનો પરચો આ અંકમાં છાપી ન શકયા હોઈએ અથવા પરચાની ભાષામાં યોગ્ય લાગતો થોડો ફેરફાર કરવામાં આવેલ હોય તો ક્ષમા કરશો)

૧. પૂ. બાપાની અસીમ કૃપાથી મારી બંને આંખની સર્જરી સારી રીતે થઇ ગઇ અને મારી ખોવાયેલી વસ્તુ મળી ગઇ. આવી રીતે જલારામબાપાની કૃપા અમારા પરિવાર પર રહે.

૨. પૂ. જલારામબાપાને કોટિ કોટિ વંદન. મેં મનોમન જલારામબાપાને પ્રાર્થના કરી કે મારા બ્લડ ટેસ્ટ તેમજ એન્જીયોગ્રામના રીપોર્ટ અને મારા પતિ અને મારા કોલનોસ્કોપીના ટેસ્ટના રીપોર્ટ નોર્મલ આવે તેવી કૃપા કરશો. પૂ. બાપાની કૃપાથી રીપોર્ટ નોર્મલ આવ્યા છે. પૂ. બાપાએ અમારા પરિવાર ઉપર ખૂબ મહેરબાની રાખી છે તેમ સૌ પર રાખે તેવી પ્રાર્થના. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

૩. મારી દીકરી નર્સીંગ સ્કુલમાં ગ્રેજયુએટ થઇ ગઇ અને પછી એને બોર્ડની પરીક્ષા આપવાની હતી. બોર્ડની પરીક્ષા અઘરી હતી. મેં જલારામબાપાને પ્રાર્થના કરી કે બાપા મારી દીકરી બોર્ડની પરીક્ષામાં પાસ થઇ જશે તો હું પરચો છપાવીશ. બાપાની અસીમ કૃપાથી મારી દીકરી પરીક્ષામાં પાસ થઇ ગઇ. બાપાએ અમારી ઇચ્છા પૂર્ણ કરી તેમ સર્વેની ઇચ્છા પૂર્ણ કરે.

૪. પૂ. બાપાના ચરણોમાં લાખો લાખો વંદન. પૂ. બાપા તો હાજરા હજૂર છે. પૂ. બાપાએ મારી નાની મોટી દરેક મુશ્કેલીઓ દૂર કરી છે. મારો ભાઇ બિમાર હતો અને ત્રણ મહીના સુધી જોબ પર જઇ શકયો નહોતો. રીપોર્ટ કઢાવીએ તો નોર્મલ આવે પરંતુ ગમે ત્યાં ગમે ત્યારે પડી જાય અને પડી જવાથી હાથ પગમાં તેમજ ગમે ત્યાં વાગી જાય અને સાચવવુ પડતુ. એક માણસે તેની સાથે રહેવુ પડતુ. અમારા પરિવારને ઘણી ચિંતા રહેતી. મેં બાપાને અરજ કરી કે મારા ભાઇને સારૂ થઇ જશે અને જોબ ચાલુ થઇ જશે તો ખીચડી ખાઇને ત્રણ ગુરૂવાર કરીશ અને પરચો છપાવીશ. બાપાની કૃપાથી બધુ જ સારૂ થઇ ગયું.

આ ઉપરાંત મારા દીકરાને સારી જોબ હતી પરંતુ તેને હાર્ડ લાગવાથી જોબ છોડી દીધી હતી. ત્રણ મહિનાથી ઘેર હતો. મેં પૂ. બાપાને વિનંતી કરી કે મારા

દીકરાને સારી જોબ મળી જશે તો પરચો છપાવીશ. અત્યારે તેને જોબ મળી ગઇ છે. બાપા તમે તેને કામ કરવાની શકિત આપજો. મારા જીવનમાં નાની મોટી ઘણી જ મુશ્કેલી આવી છે પરંતુ બાપાએ મારી બધી મુશ્કેલીઓ દૂર કરી છે. મારૂ કામ બાપા કયારે કરી જાય તે મને ખબર પડવા દેતા નથી. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ૠણમુકત કરશો.

૫. અમારા મિત્રના દીકરાને ઘણા સમયથી જોબ મળતી નહોતી. બાપા અને સાંઇને વિનંતી કરી કે નવ ગુરૂવારમાં જોબ મળવી જોઇએ અને આજે પૂ. જલારામબાપા અને પૂ. સાંઇબાબાની અસીમ કૃપાથી જોબ મળી ગઇ. બાપા અને સાંઇને મારા પ્રણામ.

૬. મારી દીકરી નર્સીંગમાં માસ્ટર કરતી હતી અને પરીક્ષા ખૂબ જ હાર્ડ હતી. મેં જલારામબાપાને પ્રાર્થના કરી અને પરચો માન્યો અને મારી દીકરી પરીક્ષામાં પાસ થઇ ગઇ. અમને જેમ બાપાનો પરચો ફળ્યો તેમ બાપા બધાની ઇચ્છા પૂર્ણ કરે તેવી પ્રાર્થના.

૭. પૂ. બાપાની અમારા ઉપર ખૂબ જ કૃપા છે. બાપાને યાદ કરવાથી જ બધા કામ પૂર્ણ થાય છે. બાપાએ અમારી માનતા પ્રમાણે ઘણા કામો કર્યા છે. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ૠણમુકત કરશો.

૮. પૂ. શ્રી જલારામબાપાની કૃપા અમારા પર હંમેશા છે. મારૂ ડ્રાઇવીંગ લાયસન્સ અને ક્રેડીટ કાર્ડની બેગ ખોવાઇ ગયેલ. મને એમ કે સ્ટોરમાં કે રસ્તામાં કયાંક પડી ગઇ હશે. બાપાને યાદ કરી પરચો છપાવવાની તેમજ યથાશકિત ભેટની માનતા માની. ઘેર આવી તો મારી બેગ ટેબલ ઉપર પડી હતી. તેમજ મારી દીકરીને એક ટેસ્ટ કરવાનો હતો. રીપોર્ટની ચિંતા હતી. બાપાને યાદ કરી માનતા માની કે રીપોર્ટ નોર્મલ આવે તો પરચો છપાવી અને યથાશકિત ભેટ મોકલીશ. બાપાની કૃપાથી રીપોર્ટ નોર્મલ આવ્યા. આ બધી તો બાપાની કૃપા છે. બાપાના ચરણોમાં કોટી કોટી વંદન.

૯. જલારામબાપાએ અમારા ધારેલા બધા કાર્યો પૂર્ણ કર્યા છે. તે બદલ તેમના ચરણોમાં શતકોટિ પ્રણામ.

૧૦. જલારામબાપાને અમારા પરિવારના કોટી કોટી પ્રણામ. જયારથી અમને શ્રધ્ધા છે ત્યારથી બાપા અમારા નાના મોટા કાર્યોમાં મદદરૂપ થાય છે.

હમણાં જ એક બનાવ બન્યો. દિવાળીના દિવસોમાં નવા ઘરેણા પહેરવાનો શોખ. એવામાં એક સાથે બે કિંમતી વસ્તુ ઘરની બહાર ખોવાઇ ગઇ. મળવાની આશા ખૂબ જ ઓછી હતી છતાં પૂ. બાપાનુ અને શંકરદાદાનું નામ લઇ શ્રધ્ધાથી વસ્તુ મળે એ માટે બાપાની માનતા માની અને શોધતા બંને વસ્તુ મળી આવતા આનંદનો પાર ન રહ્યો. બાપામાં શ્રધ્ધા વધી. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

૧૧. પૂ. જલારામબાપા ઉપર મને ખૂબ શ્રધ્ધા અને વિશ્વાસ છે. જલારામબાપાને કોટી કોટી પ્રણામ. હું જયારથી સમજણી થઇ ત્યારથી જલારામબાપાની ભકિત કરૂ છુ. બાપા મારો તેમજ મારા પરિવારનો એક સાચો સહારો છે. દરેક મુશ્કેલીમાં જયારે બાપાને યાદ કરીને પ્રાર્થના કરીએ છીએ ત્યારે સહાય મળી રહે છે અને અમારા કામ પૂરા કરે છે. થોડાક મહિના પહેલા મારી દીકરીને ત્યાં ભાણાનો જન્મ થયેલો તે શરૂઆતમાં ખૂબ જ રડતો હતો તેથી મેં જલારામબાપાને પ્રાર્થના કરી કે તે રડતો બંધ થઇ જશે તો હું પરચો છપાવીશ. બાપાની કૃપાથી તે ખૂબ જ શાંત થઇ ગયો છે. બાપા હાજરા હજુર છે. આ પરચો છાપી ઋણમુકત કરશો.

૧૨. પૂ. જલારામબાપા ઉપર અમને ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારા દીકરાનો પાસપોર્ટ ઘરમાં મળતો ન હતો અને મેં બાપાને મનોમન પ્રાર્થના કરી હતી કે જો પાસપોર્ટ મળી જશે તો હું પરચો છપાવીશ. બાપા હાજર થઇ ગયા અને બીજે દિવસે પાસપોર્ટ મળી ગયો. મારી દીકરીને જોબમાં એનો મેનેજર બહુ હેરાન કરતો હતો. મેં મારી દીકરીને કહ્યું કે જલારામબાપાને પ્રાર્થના કરજે અને મેં પણ તેના માટે પ્રાર્થના કરી. બે ત્રણ દિવસ પછી મારી દીકરીનો ફોન આવ્યો કે હવે મેનેજર હેરાન કરતો નથી. મારા જલારામબાપાએ મારી અરજ સાંભળી. બાપાની કૃપાથી બધુ સારૂ થઇ ગયુ છે. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

૧૩. મારી ગાડીમાં અચાનક કોઇ પ્રોબ્લેમ થયો અને રીપેરીંગમાં ખૂબ જ ખર્ચો હતો. તેજ સમયે મેં બાપાને યાદ કર્યા અને કહ્યું કે મારી ગાડી મારા બજેટમાં ઓછા ખર્ચે રીપેર થઇ જશે તો યથાશકિત ભેટ સાથે પરચો છપાવીશ. બાપાની કૃપાથી સૌ સારા-વાના થયા છે. જલા-સાંઇએ જેવી મારી સહાયતા કરી એવી

સૌની કરશો. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

૧૪. પૂ. બાપાના પરચા હાજરા હજુર છે. હું બાપાને નાનપણથી જ ખરા દીલથી માનું છું. સુખ-દુઃખ જીવનમાં ખૂબ આવ્યા અને ગયા પરંતુ બાપા હંમેશા મારી સાથે રહ્યા છે અને સહાય કરી છે. મારા કામો જેમ એક સ્વપ્ન આવીને ગયુ હોય તેમ બાપાએ પૂરા કર્યા છે. મારા મોટા દીકરાને નવુ જીવનદાન આપ્યુ છે. મારુ મન હંમેશા કહે છે કે ખરા દિલથી બાપાને જે ભજે છે અને સત્યને માર્ગે ચાલે છે ત્યાં બાપા હંમેશા પરચા પૂરે છે. મારા નાના દીકરાને થોડા સમય પહેલા કારનો એકસીડેન્ટ થયો હતો અને કાર ટોટલ થઇ ગઇ હતી પણ બાપાએ તેનો વાળ વાંકો થવા દીધો નથી. આવી જ રીતે મારા બંને દીકરાની રક્ષા કરતા રહેશો. બંને દીકરા પ્રગતિના પંથે આગળ વધે તેવી કૃપા કરશો.

એક વાર હું પડી ગઇ હતી અને મને પગમાં મલ્ટીપલ ફ્રેકચર થયુ હતુ,. એકસ-રે પાડયા પછી કહેવામાં આવ્યુ કે સર્જરી કરવી પડશે. હું પડી ત્યારે રાત્રીનો સમય હતો અને સર્જરી સવારે કરવાની હતી. મેં મનોમન બાપાને યાદ કર્યા અને પ્રાર્થના કરી કે હે બાપા, મારે સર્જરી ના કરવી પડે તેવુ કરજો. અને સવાર થતા જાણે ચમત્કાર થયો હોય તેમ ડૉકટરે ફરી એકસ-રે જોયો અને કહ્યુ કે તમારે સર્જરીની જરૂર નથી અને ફકત પ્લાસ્ટર કરવાથી મટી જશે. ત્યારે મને થયુ કે ડૉકટરના રૂપમાં બાપા સ્વયં મારી વ્હારે આવ્યા છે. ફકત પાટાથી જ મને સારૂ થઇ ગયુ છે. આવી જ રીતે અમારા પરિવાર ઉપર કૃપા વરસાવતા રહેજો. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

૧૫. શ્રી જલારામબાપાની અસીમ કૃપાથી મારૂ કામ આજે જ થઇ ગયુ છે. તમારો પરચો આજે અર્પણ કરૂ છું હે જલારામબાપા પ્રેમથી સ્વીકારજો. આમ જલારામબાપા, દરેકની ઇચ્છા પૂરી કરજો.૧૬.મારી સોનાની બુટ્ટી ખાવાઇ ગઇ હતી. મેં બાપાની માનતા રાખી અને મને બુટ્ટી પાછી મળી ગઇ છે આ પરચો છાપી બાધામાંથી મુકત કરશો.

૧૭. પરમ પૂજય બાપા હાજરા હજૂર છે. પૂ. જલારામબાપા પર મને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. એક દિવસ અચાનક જ મારો હાથ એકદમ લાલ થઇ ગયો અને અંદર ચામડી બળવા લાગી. મેં બાપાની માનતા માની કે સારૂ થઇ જશે

તો બાપાનો પરચો છપાવીશ. ડૉકટરને બતાવ્યુ અને રીપોર્ટ કઢાવ્યા તો નોર્મલ આવ્યા. બાપાની અસીમ કૃપાથી મને સારૂ થઇ ગયુ છે. પૂ. બાપાએ મારી મનોકામના પૂર્ણ કરી છે. આ પરચો છાપી ઋણમુકત કરશો.

૧૮. પૂ. બાપા ઉપર મને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપાએ મારી દરેક મનોકામના પૂર્ણ કરી છે. દયાના સાગર પૂ. બાપા હાજરા હજૂર છે. કોઇપણ કાર્યનો પ્રારંભ પૂ. બાપાને પ્રાર્થના કરીને કરવાથી કાર્યમાં અચૂક સફળતા મળે છે. મારા ભાઇને અચાનક આંખે ઝાંખુ દેખાતુ થઇ ગયુ. ડૉકટરને બતાવ્યુ તો કહ્યુ કે આંખમાં ઓપરેશન કરવુ પડશે. ઓપરેશન કર્યા બાદ આંખે સારૂ દેખાય છે. મારા ભાઇને સારૂ દેખાતુ થઇ જાય તો હું જલારામ દર્પણમાં પરચો છપાવીશ તેવી માનતા માની હતી. બીજી આંખમાં પણ પ્રોબલેમ છે. તે પણ સારૂ થઇ જાય તેવી કૃપા કરશો. આ માટે પણ પરચો છપાવવાની માનતા માની છે. અમારા કુટુંબમાં આવતી નાની મોટી મુશ્કેલીઓ બાપાએ દૂર કરી છે. આ પરચો છાપી અમોને ઋણમુકત કરશો.

૧૯. પરમ પૂજય જલારામબાપા ઉપર મને અખૂટ શ્રધ્ધા છે. જલારામબાપા હાજરા હજૂર છે. જયારે પણ મેં જલારામબાપાને યાદ કર્યા છે ત્યારે મારી મદદે આવ્યા છે. મારા પતિનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો છે. એક વખત ગુસ્સાવાળા સ્વભાવને લીધે મુશ્કેલીમાં મુકાઇ ગયા. નજીવી બાબત માટે કોર્ટમાં કેસ થયો. ત્યારે મેં જલારામબાપાને પ્રાર્થના કરી મારા પતિ નિર્દોષ સાબીત થઇ જશે તો યથાશકિત ભેટ જલારામબાપાને મુકીશ અને પરચો છપાવીશ. જલારામબાપાની કૃપાથી બધુ સારૂ થઇ ગયુ અને નિર્દોષ સાબીત થઇ ગયા. બીજુ બાપાની કૃપાથી મારા પુત્રને માસ્ટરમાં એડમીશન પણ મળી ગયુ. આ પરચો છાપી મને ઋણમુકત કરશો. જલારામબાપાને મારા લાખો પ્રણામ.

૨૦. પૂ. જલારામબાપાને મારા કોટી કોટી વંદન. મારા જીવનમાં એક સત્ય ઘટના પરચારૂપ બની ગઇ તે આજે હું તમારી પાસે પ્રસાદીરૂપે અર્પણ કરૂ છે. હું, મારા પતિ અને મારા બાળકો ડિસેમ્બર ૨૦૧૩માં ઇન્ડીયા ફરવા ગયા ને જાન્યુઆરીમાં પાછા આવ્યા અને એટલા ખુશ હતા કે જીવનની દરેક સુમધુર પળો માણીને આવ્યા ને જાણે કોઇને અમારી ઉપર ઇર્ષ્યા આવી હોય તેમ ફેબ્રુઆરીમાં મારી ઉપર આભ તૂટી પડયુ. મારા પતિ જે સ્ટોરમાં દસ વર્ષથી પાર્ટનરશીપમાં ધંધો

ચલાવતા હતા તે સ્ટોરના મુખ્ય પાર્ટનરે એક દિવસ આવીને મારા પતિને કહ્યું કે તમારો આજનો આ છેલ્લો દિવસ છે, કાલથી તમારે આ સ્ટોર પર આવવાની જરૂર નથી. જયારે આ સાંભળ્યુ ત્યારે અમારા જીવનમાં અંધકાર છવાઇ ગયો. શું કરવુ ને શું ન કરવુ તે સમજ ના પડે અને એકાએક જલારામબાપાએ ચમત્કાર કર્યો હોય કે એક આસ્થાનો વિચાર અને મારાથી બોલાઇ ગયુ કે બાપા મને રસ્તો બતાવ. અને મેં માનતા માની કે બાપા મારૂ કાર્ય સફળ થશે તો હું પગપાળા મંદિરે દર્શન કરવા આવીશ. ગુરૂવાર ભરીશ અને પરચો છપાવીશ. જલારામબાપા મારી સાથે હાજરા હજૂર હોય તેમ આઠ માસમાં મારા પતિને નવો ધંધો મળી ગયો અને અમારા કુટુંબમાં ફરી આનંદ આનંદ થઇ ગયો. આવા આર્શીવાદ જલારામબાપાના મને ફળ્યા તેમ દરેકને ફળે.

૨૧. પૂ. જલારામબાપા ઉપર અમને ખૂબ જ શ્રધ્ધા અને વિશ્વાસ છે. મને સીટીઝનશીપની એકઝામનો ડર હતો. મેં બાપાની માનતા માની અને તેમની કૃપાથી હું પાસ થઇ ગયો. મેં પાંચ ગુરૂવાર બાપાના દર્શન કરવા આવીશ તેવી માનતા રાખેલ તે પૂરી કરી છે. આવી રીતે બાપાએ મારા ઘણા કાર્યો પૂરા કર્યા છે જેમનો હું ૠણી છું. આ રીતે બાપા સૌની માનતા પૂર્ણ કરે. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારી અને પરચો છાપી મને ૠણમુકત કરશો.

૨૨. મારા બહેનને સર્જરી કરાવવાની હતી અને મારે પણ એકસ-રે પડાવવાનું ડૉકટરે કહ્યું હતું. બહેનને પેટમાં બીજી વખત ગાંઠ થઇ ગઇ હતી. પહેલા ઓપરેશનમાં કોમ્પ્લીકેશન થયુ હતું આથી બાપાનો પરચો માન્યો હતો કે બહેનનું ઓપરેશન અને મારા એકસ-રે બધુ નોર્મલ રીતે પતી જશે તો પરચો છપાવીશ. બાપાની કૃપાથી રીઝલ્ટ નોર્મલ આવ્યા છે. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારી અને પરચો છાપી મને ૠણમુકત કરશો.

૨૩. પૂ. જલારામબાપાને કોટી કોટી પ્રણામ. પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી અમારી માનતા પૂર્ણ થઇ છે. બાપાના ચરણોમાં લાખો વંદન. અમે આ પરચો છપાવવાની માનતા માની હતી તો આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારી અને પરચો છાપી મને ૠણમુકત કરશો.

૨૪. પૂ. બાપા, તમે હંમેશા બધાને મદદ કરો છો. અમે પણ જયારે તમને પોકાર્યા છે ત્યારે તમે મદદ કરી જ છે. મારી દીકરી જોબમાં ખૂબ હેરાન થતી હતી

અને રડતી હતી. ત્યારે મેં બાપાને કહ્યું કે જો તેને ગમે તેવી સારી જોબ મળી જશે તો હું યથાશકિત ભેટ ધરાવીશ અને તેને લઇને તમારા મંદિરે દર્શન કરાવવા આવીશ અને આ પરચો છપાવીશ. હવે બાપાની કૃપાથી મારી દીકરીને બહુ જ સરસ તેને ગમે તેવી જોબ મળી ગઇ છે. મારી દીકરીના બધા રીપોર્ટ નોર્મલ આવે તે માટે પણ પરચો છપાવવાની માનતા રાખી હતી. બાપાની દયાથી તેના રીપોર્ટ પણ નોર્મલ આવ્યા છે. મારા પતિને એટેક આવેલો તે સારૂ થઇ જાય તે માટે ભેટ મુકવી અને પરચો છપાવવો તથા મંદિરે જવું તેવી માનતા માની હતી. તેમને પણ હવે સારૂ થઇ ગયુ છે. અમારા કુટુંબમાં દરેકને થોડી શારીરિક તકલીફ આવી ગઇ હતી તે પણ બાપાની કૃપાથી સારૂ થઇ ગયુ છે. આજે આ પરચો છપાવી, યથાશકિત ભેટ ધરાવી અને બાપાના દર્શન કરી આ બધા ઋણમાંથી મુકત કરવાની બાપાને પ્રાર્થના કરૂ છું અને બાપા અમારા ઉપર હંમેશા કૃપા દૃષ્ટિ રાખે તેવી પ્રાર્થના.

૨૫. પૂ. જલારામબાપા ની કૃપા થી મારી દીકરીનું કામ થઇ ગયુ છે. તેથી આ પરચો છાપીને મને મારી માનતામાંથી મુક્ત કરશો. બાપા તમારો ઘણો જ આભાર અને સદાય તમારી કૃપા બધા ઉપર વરસાવતા રહેજો.

૨૬. પૂ. બાપા ઉપર અત્યંત શ્રધ્ધા અને વિશ્વાસ છે. મારી દિકરીને છાતીમાં ગાંઠ નીકળેલી તે ટેસ્ટ કરાવી તેના બધા રિપોર્ટ નોર્મલ આવ્યા અને મારુ રેગ્યુલર ચેકઅપ અને બ્લડ રિપોર્ટ પણ નોર્મલ આવ્યા. પૂ. જલારામબાપા, આપના ખૂબ ખૂબ આશીર્વાદ અને કૃપા મારા પરિવાર ઉપર હંમેશા રાખશો એવી પ્રાર્થના.

૨૭. શ્રી જલારામબાપાની કૃપાથી મારી માનેલી માનતા પૂરી થઇ. જલારામબાપા તમારી કૃપા અમારા ઉપર હંમેશા રાખશો.

૨૮. પરમ પૂજ્ય શ્રી જલારામબાપાની અસીમ કૃપાથી અમારી બંન્ને દિકરીઓ ને સારી નોકરી મળી ગઇ છે. બંન્નેને નોકરીમાં ફાવી ગયુ છે. આ પરચો છાપી મને ઋણમુકત કરશો અને સાથે મોકલેલ યથાશકિત ભેટનો સ્વીકાર કરશો.

૨૯. પૂ. જલારામબાપા ની કૃપાથી નાના મોટાં અનેક પરચા થયા છે અને થાય છે. મારા મમ્મીનું મેડીકલનું ફોર્મ લાસ્ટ મીનીટમાં ભર્યુ હતું તો બહુ ચિંતા થતી તો મેં બાપાને પ્રાથના કરી અને ખરા અંતરથી માન્યું તો બાપાએ મારુ કામ પાર

પાડયું. મારે આ ત્રણ ચાર વર્ષમાં ઘણી જવાબદારી વાળુ કામ છે તે પણ બાપા મારુ કામ પાર પાડશે જ એટલી જરૂર શ્રધ્ધા છે.

૩૦. પૂ. જલાબાપાએ અમારા નાના મોટા ઘણા કામ પાર પાડયા છે. મારા પતિને ડાયાબીટીસ હતો તે ઘણો વધી ગયો હતો, મે જલાબાપાની માનતા રાખી હતી કે ડાયાબીટીસ કંટ્રોલમાં આવી જશે તો યથાશકિત દાન કરીને પરચો છપાવીશુ અને બાપાની કૃપાથી બધુ સારૂ થઇ ગયુ છે. બાપા જેમ અમને ફળ્યા તેમ બધાને ફળે તેવી પાર્થના.

૩૧. પૂ. જલાબાપા તમારી ઉપર અમને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. તમારો પરચો માનુ છું અને દરેક વખતે તમે કામ પૂરુ પાડો છો. તમે દરેક ભકતની પણ સહાય કરજો.

૩૨. પૂ. જલારામબાપાની કૃપાથી અમારા બધાજ કામ સફળ થયા છે. બાપા અમારા તરફ આવી જ કૃપા કરતા રહેજો. કાંઇજ ભૂલ ચૂક થઇ હોય તો માફ કરી દેજો.

૩૩. પૂજય જલારામબાપાને કોટિ કોટિ વંદન. પૂજય બાપાની અસીમ કૃપાથી અમારી માનેલી માનતા બાપાએ પૂર્ણ કરી છે. બાપાના ચરણોમાં લાખો વંદન. અમે પરચો છપાવવાની માનતા માની હતી તો આ પરચો છાપી ઋણમુકત કરશો.

૩૪. પૂ. બાપા આપની કૃપાથી અમારા બધાજ કામો સફળ થયા છે. બાપા આવીજ કૃપા કરતા રહેજો. કાંઇ ભૂલ ચૂક થઇ હોય તો માફ કરશો.

૩૫. પૂજય બાપા હુ અને મારો પૌત્ર તા. ૧૩-૧-૨૦૧૫ ના ઇન્ડીયા (આગ્રા) જવાના છીએ. વસંતપંચમી અને હોળીનો સતસંગ કરવા અને લંડનથી મારી મોટી દીકરી પણ આગ્રા આવવાની છે. પછી ગુજરાત મારી દિકરીનુ એક નાનું ઓપરેશન કરાવવાનુ છે માટે બાપા આપના આશીર્વાદથી મારી દીકરીનું ઓપરેશન સારી રીતે કોઇ પણ જાતની અડચણ આવ્યા વીના પતી જાય અને હેમખેમ ઓપરેશન કરાવીને પાછી લંડન તેને ઘેર પહોચી જાય એવા આશીર્વાદ આપશો અને અમે ત્રણેય સારી રીતે દીકરીનુ ઓપરેશન કરાવી આગ્રા સતસંગ કરી પાછા શિકાગો આવી જઇએ એવા આશીર્વાદ આપજો. આપ અમારી બધાની સાથે રહી અમારુ કામ પૂરુ પાડશો. દીકરીનુ ઓપરેશન થઇ ગયા પછી હું ઇન્ડીયા આપના

મંદિરે પગે લગાડી પાછી લંડન મોકલીશ. બાપા આ સાથે ભેટ મોકલી છે જેને સ્વીકારશો. મારા દીકરાને જોબમાં પ્રમોશન મળ્યું છે તેની ભેટ સાથે મોકલી છે જેનો સ્વીકાર કરશો.

૩૬. 'કરે માનતા દુઃખીયા જન, જલા નામથી જાય વિઘન', આ ઉકિત કેટલી સાચી છે એ જ્યારે મુશ્કેલીમાં હોઇએ અને બાપાને યાદ કરીએ અને વિનવણી કરીએ અને બાપા હાજરા હજૂર આપણા પડખે ઉભા રહીને આપણી મુશ્કેલી દુર કરે ત્યારે સમજાય છે. મને જ્યારે પણ મુશ્કેલીઓ આવી છે, વિઘ્નો આવ્યા છે ત્યારે ત્યારે બાપાનો સહારો લીધો છે અને બાપાને યાદ કરતાં એ તમામ વિઘ્નો દૂર થઇ ગયા છે. ગણ્યા ગણાય નહી એટલા પરચા બાપાએ પૂર્યા છે. નાના બાળકો હોય ત્યારે તેમની તબિયતની ચિંતા દૂર કરી છે. મારા જમાઇના વીસાકોલ વખતે બાપાએ સહાય કરી છે. મારા પુત્રને સારી જોબ મેળવવામાં બાપાએ પરચો આપ્યો છે. મારો આ પરચો છાપીને મને ઋણમુકત કરશો અને બાપાને એટલી વિનંતી કે અમારા બાની તબીયત હમણાં સારી નથી રહેતી અને અમને ઘણી ચિંતા થાય છે તો બાપા અમારી એ ચિંતા દૂર કરશો એવી અમારી પ્રાર્થના સ્વીકાર કરશો. ભેટનો પણ સ્વીકાર કરશો.

ઉપરના દરેક પરચા જલારામ ભકતો તરફથી

પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. હું જાન્યુઆરી ૨૦૧૪માં ભારત ગયો હતો અને ત્યારબાદ ફેબ્રુઆરીમાં પાછા આવ્યા બાદ રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા તરફથી જણાવવામાં આવ્યુ કે ઇન્ડીયામાં જે ૫૦૦ તથા ૧૦૦૦ રૂપીયાની ચલણી નોટો ચાલે છે તે વર્ષ ૨૦૦૦ પહેલાની હશે તો તેને સરકાર ચલણમાંથી પાછી લેશે. અને તેને બેંકમાં બદલવાની છેલ્લી તારીખ જુલાઇ ૩૧ની છે. હું હાલમાં જ ઇન્ડીયાથી પાછો આવેલ તેથી મારા માટે ઇન્ડીયા જુલાઇ સુધી ફરી પાછા જવાની શકયતા નહોતી. મારી પાસે જયારે મારી મોટી દીકરીના લગ્ન ૧૯૯૮માં લીધેલ ત્યારે મેં લગ્ન પ્રસંગ માટે નવી નોટો લઇ રાખેલ જે લગ્ન પ્રસંગ બાદ પણ લગભગ ૭૦૦૦૦ રૂપીયા જેવી પડી રહેલ તે આગળ લગ્ન પ્રસંગે તેમજ અન્ય સારા પ્રસંગે કામમાં આવે તે માટે બેંકના લોકરમાં રાખેલ. અવારનવાર ઇન્ડીયા જવા છતા તે નોટોનો ઉપયોગ કર્યો નહોતો જેથી તે લોકરમાં જ રહી. મારા માટે

સમસ્યા એ હતી કે હું જુલાઇ સુધી ઇન્ડીયા જઇ શકુ તેમ નહોતુ જેથી તે નોટો બીન ઉપયોગી થઇ જાય તેથી મેં પૂ. બાપાને વિનંતી સાથે પ્રાર્થના કરી કે જો આ સમય જુલાઇથી વધારી ને વધારે કરી આપે તો હું આ પરચો જલારામ દર્પણમાં છપાવીશ. આ પ્રાર્થનાના અઠવાડીયામાં જ રીઝર્વ બેંક તરફથી જાહેરાત કરવામાં આવી કે તે નોટોને બદલવાની છેલ્લી તારીખ ડીસેમ્બર ૨૦૧૪ સુધી રહેશે. તેથી મેં બાપાનો આભાર અને ચમત્કાર જાણી આ પરચો છપાવુ છું. મેં ઇન્ડીયા જઇને નોટો બદલાવી લીધી છે અને બાપાની ગાદીએ જઇ દર્શન પણ કરી લઇ બાપાને કોટી કોટી પ્રણામ સાથે આભાર માન્યો છે. જે રીતે બાપા બધાની સહાય કરે છે તે ચમત્કાર જ છે.

**રમેશભાઇ સી. પટેલના જય જલારામ**

પૂ. જલારામબાપાની અસીમ કૃપાથી મારા બંને ઓપરેશન સારી રીતે થઇ ગયા છે અને મને સારૂ થઇ ગયુ છે.

**પ્રફુલભાઇ શાહના જય જલારામ**

ભગવાનની કૃપાથી મારો દીકરો નિશિત યુ. આઇ. સીમાં રેસીડેન્સી કરતો હતો અને છેલ્લુ વર્ષ હતુ. એની જીંદગીમાં એક ઇચ્છા હતી કે એ કાર્ડીયોલોજીમાં સ્પેશીયાલીટી કરે અને એ હાર્ટનો ડૉકટર બને. ભગવાનની કૃપાથી એને ન્યુયોર્કમાં ફેલોશીપ મળી ગઇ છે. અને અમે બધા જ પરિવારના સભ્યો ખૂબ જ ગર્વ લઇએ છીએ અને ખુશ છીએ. બાપાની કૃપા અપાર છે. અમે દર ગુરૂવારે મંદિરે દર્શન માટે આવીએ છીએ.

**કલ્પનાબેન / જગદીશભાઇ / નિશિત / નતાશા શાહના જય જલારામ**

પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. પૂ. બાપામાં અમને અખૂટ શ્રધ્ધા અને વિશ્વાસ છે. અમારા તમામ કાર્યો બાપાની દયાથી વિના વિઘ્ને પૂરા થયા છે. અમને અમેરિકા આવ્યે ચાર વર્ષ થયા. અમે ત્રણ વર્ષથી ઘર શોધી રહ્યા હતા મેળ પડતો નહોતો. મેં બાપાની માનતા રાખી કે મારા ઘરનું કામ નિર્વીઘ્ને પતી જશે તો પરચો છપાવીશ. બાપાની કૃપાથી એક મહીના પહેલા જ અમારે જોઇતુ હતુ તેવુ ઘર મળી ગયુ છે. બાપા ખૂબ જ દયાળુ છે.

**કોકીલાબેન ભૂપેન્દ્રભાઇ ઠક્કરના જય જલારામ**

પૂ. શ્રી જલારામબાપા અને બાપાના ઈષ્ટ દેવ પૂ. શ્રી રામ પરિવારને મારા કોટી કોટી વંદન. મને મોઢામાં કેન્સર થયુ હતુ અને ઓપરેશન ૧૨ કલાક સુધી ચાલ્યુ અને પૂ. બાપાની દયાથી સુખરૂપ ઘેર આવી ગયા. મારો પૌત્રને કોલેજમાં જવા માટે મેડીકલ ટેસ્ટ કર્યા તો ટીબી છે એમ કહેવામાં આવ્યુ. અમે ઘણી ચીંતામાં હતા. બાપાનો પરચો માન્યો કે બધા રીપોર્ટ નોર્મલ આવે અને આગળ સારી પ્રગતિ કરે તેવી કૃપા કરજો. બાપાની કૃપાથી બધા રીપોર્ટ નોર્મલ આવ્યા. બાપાને કોટી કોટી પ્રણામ. આ સાથે મોકલાવેલ યથાશક્તિ ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

**પ્રદીપભાઇ પટેલના જય જલારામ**

મારો દીકરો જન્મથી ડીસએબલ છે. મોઢાથી તે ખાતો નહતો. વીરપુર બાપાના દર્શન કરી ખીચડી ખવડાવી ત્યારથી ખાતો થયો છે. આ પરચો છાપવા કૃપા કરશો.

**સરોજબેન પટેલના જય જલારામ**

પરમ પૂ. માતા વીરબાઇ તથા પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. પૂ. બાપામાં અમોને અખૂટ શ્રધ્ધા છે. મારા મોટા પુત્રને મુંબઇની પટની કંપની દ્વારા ૨૦૦૪માં શિકાગોમાં જોબ મળી પરંતુ તેના લગ્ન સંજોગવસાત લંબાયા કરતા હતા. અમો બંનેએ જલારામ મંદિરમાં શ્રી રામનામની ૧૨૧ અર્ચના પુસ્તિકાઓ લખી. પૂ. બાપાને ૨૦૧૨માં પ્રાર્થના કરી કે પુત્રના લગ્ન થાય અને લગ્ન પછી પારણું બંધાશે ત્યાર પછી અમો શિકાગા મંદિરના દર્શન કરી પરચો છપાવવાની માનતા રાખી. સાચે જ શિકાગો સ્થિત પૂ. બાપાએ અમારી બંને ઇચ્છાઓ પૂર્ણ કરી. મહાલક્ષ્મી જન્મરૂપે દીકરી પ્રાપ્ત થઇ. વડોદરામાં મારા નાના પુત્રનો પાસપોર્ટ જુલાઇમાં મળતો ન હતો. તેના માટે પણ પૂ. બાપાને પ્રાર્થના કરી માનતા રાખી તે પાસપોર્ટ પણ મળી આવ્યો. તેની સપ્ટેમ્બર ૧૪ ક્રિકેટ ફીટનેસ ટ્રેનર કોચની શ્રીલંકાની ટૂર સફળ રહી. છેલ્લે બાપા, અમારી દીકરી ડૉકટર નીલમ (ગોલ્ડ મેડાલિસ્ટ આંખના સર્જન) ના લગ્નની ઇચ્છા પૂરી કરવા આપની અમીદ્રષ્ટિ દીકરી તથા અમારા કુટુંબ પર સદા રહે એવી અભ્યર્થના. આ સાથે મોકલાવેલ યથાશક્તિ ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

**જશુબેન કાશીભાઇ ગોહિલના જય જલારામ**

પૂ. જલારામબાપાના ચરણોમાં નત મસ્તક પ્રણામ. હું અને મારી પત્નિ શીકાગોમાં મારા પુત્ર સાથે રહીએ છીએ. મારી નાની દીકરી કીનસ્ટન, નોર્થ કેરોલાઇનામાં રહે છે. દીકરીની બીજી પ્રેગનન્સી વખતે પાંચમા માસે સોનોગ્રાફી તેમજ અન્ય તપાસ કરતા ડૉકટરે રીપોર્ટ આપ્યો કે બાળકને જીનેટીક પ્રોબ્લેમ છે. જેથી બાળકને કાંઇપણ ખોડ આવી શકે. ડૉકટરનો રીપોર્ટ સાંભળી મારી દીકરી ખૂબ જ દુ:ખી થઇ ગઇ અને બે-ત્રણ દિવસ સરખુ ખાધુ પણ નહીં અને બાળકની જ ચિંતા કર્યા કરે. પૂ. જલાબાપા ઉપર અમને ખૂબ જ શ્રધ્ધા છે. પૂ. બાપાએ અમારા ઘણા કાર્યો નિર્વિઘ્ને પૂરા કર્યા છે. અમે દીકરીને શાંત્વન આપી જલારામબાપાના શરણે ગુરૂવારે ગયા. દીકરીને તંદુરસ્ત બાળક અવતરે તો જલારામ દર્પણમાં પરચો છપાવવા અને યથા શકિત ભેટ મુકવાની માનતા માની.

પૂ. જલારામબાપા તો દેશમાં કે વિદેશમાં સાક્ષાત હાજરા હજુર છે. દીકરીને પૂરા માસે બાબાનો જન્મ થયો ત્યારે ડૉકટરે રીપોર્ટ આપ્યો કે બાળક શારિરીક તથા માનસીક રીતે એકદમ તંદુરસ્ત છે. પૂ. બાપાની અસીમ કૃપા છે. પૂ. બાપાને અમારા લાખ-લાખ પ્રણામ. જેમ પૂ. બાપાએ અમારી મનોકામના ર્પૂણ કરી તેવી જ રીતે સૌની પૂર્ણ કરે તેવી પ્રાર્થના.

**વિજયભાઇ / જયવંતીબેનના જલારામ**

પૂ. જલારામબાપા ઉપર મને ખૂબ શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપાને પ્રાર્થના કરવાથી મને મારા કાર્યમાં સફળતા મળે છે. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ૠણમુકત કરશો.

**રેણુકાબેન અમીનના જય જલારામ**

પૂ. બાપા હાજરા હજુર છે. પૂ. બાપા પર અમને અત્યંત શ્રધ્ધા અને વિશ્વાસ છે. બે વીક પહેલા એક પાર્ટીમાં મારા હાથનું બ્રેસલેટ ખોવાઇ ગયુ હતુ. મેં બધે શોધ્યુ પરંતુ ન મળ્યુ. હું ઉપર મંદિરમાં (ઇટાસ્કા મંદિર) દર્શન કરવા ગઇ હતી તો ત્યાં પણ શોધ કરી પરંતુ ન મળ્યુ. પછી મેં તુરત જ બાપાને યાદ કર્યા અને માનતા માની કે મને મારૂ બ્રેસલેટ મળી જાય તો પરચો છપાવવો અને ભેટ ધરાવવી. થોડી વાર પછી ફરી ઉપર મંદિરમાં ગઇ અને ત્યાં મને ગણપતિદાદાની મુર્તિ સામે પડેલુ મળ્યુ. આવી રીતે હું જયારે જયારે બાપાને યાદ કરૂ છુ ત્યારે મારૂ કામ કરી આપે છે.

મારી દીકરીની બોર્ડની પરીક્ષા હતી અને મેં બાપાને વિનંતી કરી અને એ પાસ થઇ ગઇ. બાપા, તમે હંમેશા અમારી ઉપર આવી કૃપા રાખશો. તમારા ઉપરનો વિશ્વાસ તુટવા ના દેશો.

**રમીલાબેન ગાંધીના જય જલારામ**

પૂ. બાપા પરના શ્રધ્ધા અને ભકિતભાવ થકી અમારી દરેક પ્રાર્થના ફળી છે. પૂ. બાપાએ અમારા જીવનમાં અનેક પરચા પૂરી ચિંતામુકત કર્યા છે. પૂ. બાપાને કરેલી પ્રાર્થના અને પરચાની ટેકના ફળસ્વરૂપે અમારું મકાન બધા વિઘ્નોમાંથી પાર પડી સારી કિંમતે વેચાઇ ગયુ અને બધુ કામ સારી રીતે સહેલાઇથી પતી ગયુ. પૂ. બાપા હાજરા હજુર છે. સંકટહર્તા પૂ. જલારામબાપાને અગણિત વંદન. આ પરચો છાપી ઋણમુકત કરશો.

**ફાલ્ગુનીબેન ધર્મેશભાઇ વલસાડિયાના જય જલારામ**

પૂ,. બાપા અમારા ઉપર જેવી મહેરબાની રાખો છો તેવી દરેક કુટુંબો ઉપર રાખશો. અમો આપની અમીદ્રષ્ટિથી આર્થિક, શારીરિક અને માનસીક રીતે કુશળ છીએ. કોઇ વખત થોડી શારીરિક તકલીફ આવે છે પરંતુ આપની કૃપાથી દૂર થઇ જાય છે. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો.

**દાસના જય જલારામ**

પૂ. બાપા હાજરા હજુર છે. પૂ. બાપા પર અમને અત્યંત શ્રધ્ધા અને વિશ્વાસ છે. પૂ. બાપા હંમેશા અમારી મદદે આવે છે. મારી દીકરીની બોર્ડની પરીક્ષા હતી અને એ એકદમ નર્વસ થઇ ગઇ હતી. મેં બાપાને યાદ કર્યા અને માનતા રાખી કે મારી દીકરી પાસ થઇ જશે તો પરચો છપાવી અને યથાશકિત ભેટ મોકલાવીશ. અને મારી દીકરીએ બાપાને બે દિવાની જોડ પ્રગટાવવાની બાધા રાખી. મારી દીકરીને પણ બાપા ઉપર ઘણો જ વિશ્વાસ છે. બાપા, તમે હંમેશા આ પ્રમાણે અમારા પરિવારની મદદ કરતા રહેશો અને આગળ આવતી બધી પરીક્ષામાં એને સફળતા આપશો એવી મારી વિનંતી છે. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

**રમીલાબેન સુરેશભાઇના જય જલારામ**

મારી મોટેલમાં પાણી લીક થવાથી મુશ્કેલી થઇ હતી. તે માટે મેં પૂ.

બાપાની માનતા માનેલી કે મોટુ નુકશાન ન થાય અને જલ્દીથી સારી રીતે કામ પતી જાય. પૂ. બાપા અમારી ઘણી મદદ કરે છે તેમ સર્વેને મદદ કરે તેવી પ્રાર્થના. આ સાથે મોકલાવેલ યથાશકિત ભેટ સ્વીકારશો અને પરચો છાપી ઋણમુકત કરશો.

**હરીશભાઇના જય જલારામ**

બાપાની અસીમ કૃપાથી મારા દીકરાને ખૂબ જ સફળતા મળે છે. મારા દીકરાની પરીક્ષા હતી ત્યારે બાપાને મનોમન પ્રાર્થના કરી કે બાપા મારા દીકરાના સારા ગ્રેડ આવે. બાપાએ મારી તમામ પ્રાર્થના સાંભળી અને મારો દીકરો પાસ થઇ ગયો એ આજે આગળ અભ્યાસ કરે છે. બાપા મારા દીકરાના જીવનમાં સુખ શાંતી આપજો. બાપાએ અમારા જીવનમાં ઘણા કામો કર્યા છે. ફકત નામ સ્મરણ કરતા બધા સંકટો દૂર થઇ જાય છે. પૂ. બાપાના ચરણોમાં વારંવાર પ્રણામ. આ પરચો છાપી ઋણમુકત કરશો.

**સરોજબેન ગાંધીના જય જલારામ**

મારા પતિને અકયુટ કોલન ઇન્ફેકશન થયુ હતું. હોસ્પીટલમાં દાખલ કર્યા પછી દવા ચાલુ કરી છતાં ઇન્ફેકશન મટતુ નહોતું. સર્જન હતા તેમણે સર્જરી કરવાની સલાહ આપી અને કહ્યું કે ઇન્ફેકશનવાળુ આંતરડુ કાઢી નાંખવુ પડશે. મેં પૂ. જલારામબાપાને પ્રાર્થના કરી કે હે જલાબાપા જો સર્જરી કર્યા વગર મારા પતિને સારૂ થઇ જશે હું આ પરચો દર્પણમાં છપાવીશ અને ૩ ગુરૂવારનું વ્રત ચાલુ કરીશ. સર્જનને પણ નવાઇ લાગી કે મારા પતિને કેવી રીતે સારૂ થઇ ગયું. પૂ. જલારામબાપાએ અમારા કુટુંબને જયારે જયારે જરૂર પડી છે ત્યારે સહાય કરી છે. પૂ. બાપાને કોટી કોટી વંદન.

**ચારૂબેન વીભાકરના જય જલારામ**

પૂ. બાપા ઉપર મને અત્યંત શ્રધ્ધા અને ભકિતભાવ છે. પૂ. બાપાએ દરેક મુશ્કેલીમાં સહાય કરી જીવન સુખમય બનાવ્યુ છે. પૂ. બાપામા શ્રધ્ધા અને વિશ્વાસ રાખવાથી દરેક કાર્ય પૂર્ણ થાય છે. મારા નાના ભાઇને કંપનીમાં સેકન્ડ શીફટમાં જોબ હતી અને ફર્સ્ટ શીફટમાં બદલવી હતી આથી મેં બાપાને અંતઃકરણ પ્રાર્થના કરી કે મારા ભાઇની જોબ બદલાઇ જાય તો મારે પરચો છપાવી યથાશકિત ભેટ મુકવી. બાપાએ મારી પ્રાર્થના સાંભળી અને મારા ભાઇની જોબ ફર્સ્ટ શીફટમાં થઇ ગઇ.

બીજુ મને ૨૦૧૨માં કોલનોસ્કોપી કરાવી હતી ત્યારે મને કોલન કેન્સરની શરૂઆત છે અને સર્જરી કરાવવી પડશે તેવુ કહેવામાં આવ્યુ હતુ પરંતુ બાપા ઉપર મને સંપૂર્ણ શ્રધ્ધા હતી કે મને કાંઇ થવાનુ નથી અને મેં સર્જરી કરાવી. ત્યારબાદ અમે ઓંકોલોજીસ્ટને પણ બતાવ્યુ તો કહ્યુ કે ખરેખર તમ ઘણા જ નસીબદાર છો કે તમારે કોઇપણ જાતની દવા કે સારવાર કરવાની જરૂર નથી. અને હવે તમે એકદમ ભયમુકત છો. પરંતુ ફકત એક વર્ષ પછી ફરી પાછી કોલનોસ્કોપી કરાવજો. આ રીતે ખરેખર બાપાની કૃપાથી મારે કોઇપણ જાતની દવા કે રેડીએશન કે થેરેપી કરાવવી પડી નથી. અને પછી મેં ૨૦૧૩માં કોલનોસ્કોપી કરાવી તો બાપાની કૃપાથી મારા બધા જ રીપોર્ટ નોર્મલ આવ્યા છે. ત્યારપછી મેં આ વર્ષે ડીસેમ્બરમાં ફરી કોલનોસ્કોપી કરાવી અને બાપાને અંતઃકરણ પ્રાર્થના કરી કે બાપા આ વખતે પણ મારા રીપોર્ટ નોર્મલ આવશે તો હું જલારામ દર્પણમાં પરચો છપાવીશ. અને ખરેખર આ વખતે પણ મારા બધા રીપોર્ટ નોર્મલ આવ્યા છે. અને હવે મારે ત્રણ વર્ષ ચેકઅપ કરાવવાનું છે. આ રીતે બાપાની કૃપાથી જ મારી માનતા ફળી છે. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારી અને પરચો છાપી મને ૠણમુકત કરશો.

**કુસુમબેન ગાંધીના જય જલારામ**

આપ સર્વે જલારામ મંદિરના ભકતો તથા મંદિરના ટ્રસ્ટીને નવા વર્ષના જય જલારામ અને જલારામ બાપા સર્વની ઇચ્છા પૂરી કરે, બધા ની રક્ષા કરે અને

મંદિર ની ખૂબ પ્રગતિ થાય તેવી પૂ. જલારામબાપાના ચરણોમાં પ્રાર્થના. અન્નકુટનો પ્રસાદ પણ મળી ગયો છે. બાપાએ અમારા કુટુંબ ની પ્રાર્થના સાંભળી અને પ્રસાદી ખાઇ પાવન થઇ ગયા.

**જનકભાઇ-ઉષાબેન અને મારા દીકરા વતી સર્વે ને જય જલારામ**

અમારા મમ્મી શારદાબેનને હાર્ટનું ઓપરેશન કરાવ્યુ હતું તો અમારા મમ્મીને જલ્દી સારુ થઇ જાય, એવી અમારા પપ્પાએ જલારામ બાપાની માનતા માની હતી અને જલારામ દર્પણમાં પરચો છપાવવાની અને યથાશકિત ભેટ બાપાના ચરણોમાં મૂકવાની માનતા માની હતી તો અમારા મમ્મીને બાપાની કૃપાથી સારુ થઇ ગયુ છે. તો અમોએ બાપાના ચરણોમાં ભેટ મૂકીને માનેલી માનતા પૂરી કરીએ છીએ તો સ્વીકારી લેશો.

**દેવેન્દ્રભાઇ અને હિતેન્દ્રભાઇ પટેલના જય જલારામ**

પૂજય જલારામબાપાની અસીમ કૃપાથી મારા પતિના પ્રોસ્ટેટ ગ્રંથીના બધાજ રિપોર્ટ નોર્મલ આવ્યા છે. પૂ. બાપાએ અમારા પરિવાર ઉપર ખૂબ મહેરબાની રાખી છે તેમ સૌ ઉપર રાખે તેવી પ્રાર્થના. આ પરચો છાપી અમને રૂણ મુકત કરશો.

**શકરીબેન પટેલના જય જલારામ.**

મેં બાપાના ભજનો અને પરચા ખૂબ જ સાંભળ્યા છે. હું તો બાળપણથી બાપામાં શ્રધ્ધા અને વિશ્વાસ રાખુ છું. મારી અમી, આર. એન. ની પરીક્ષામાં પાસ થઇ જાય માટે બાપાનો પરચો છપાવીશ માનતા રાખી હતી. પૂ. બાપા એ મારા સારા એવા કામો કર્યા છે. બાપાને અમારા પરિવારના લાખ-લાખ વંદન અને આ બાધામાંથી મને મૂકત કરશો. પૂ. બાપાને મારી ખૂબ અંતઃકરણ પ્રાર્થના કે દરેક કામ સારી રીતે પાર પાડશો.

**ઉષાબેનના જય જલારામ**

પૂ. જલારામબાપાના ચરણોમાં કોટી કોટી વંદન. હું બાપાને યાદ કરી જે કામ ધારુ છુ તેમાં મને સફળતા મળે છે. મારા પરિવાર પર બાપાના આશીર્વાદ તથા કૃપા છે. મારા ખૂબ જ અગત્યનાં કામો સારી રીતે પૂર્ણ થયેલાં છે. આ સફળતામાં બાપાની અસીમ કૃપા સમાયેલી છે. જલારામબાપાની પરચો છપાવવાની ઇચ્છા હતી તો આ પરચો છાપી અમારી ઇચ્છા પૂર્ણ કરશોજી.

**કોકીલાબેનના જય જલારામ**

મારી કાર માં ઘરે આવતા અવાજ આવતો હતો એટલે પૂ. બાપાને કહ્યુ હતુ કે અમને રસ્તામાં કોઇ તકલીફ ન પડે તેવી કૃપા કરશો. શિકાગોથી અમે દ્રદ્વદ્વદહઅવઇન સહીસલામત પહોંચી જઇએ તે માટે પૂ. બાપાના ચરણમાં યથાશકિત ભેટ ધરવાની અમે બીજી માનતાઓ માનેલી. બીજી માનતાઓ મેં ઘરે પૂરી કરી છે તો આ સાથે મોકલાવેલ ભેટ પૂ. બાપાના ચરણોમાં ધરીને મને આભારી કરશો.

**હરીશભાઇના જય જલારામ**

પૂજ્ય બાપાને શત-શત પ્રણામ. પૂજ્ય બાપા ઉપર મને ખૂબજ શ્રધ્ધા છે. આ વિન્ટરની શરૂઆતમાં થોડી ખાંસી થઇ, ઘરગથ્થુ ઉપચાર કર્યા, ડૉક્ટર પાસે

ગયા અને ડૉક્ટરે આપેલી દવાઓ પણ જોઇ પરંતુ કોઇ ફર્ક ન પડયો. ખાંસી એટલી વધી ગઇ કે ખાંસી આવતા શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. મને એવુ થઇ ગયુ કે હવે ભગવાનનુ તેડુ આવી ગયુ છે, પરંતુ બાપાને તે મંજુર નહોતુ. અમે ડૉક્ટરને મળવા ગયા અને મારી હાલત જોઇને મને તુરંત હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી. સારવાર પછી મારી તબીયત બગડતા મેં પૂજ્ય બાપાનો પરચો છપાવવાની માનતા માની હતી. બાપાની કૃપાથી હવે સારૂ છે. આ પરચો છાપી મને ઋણ મૂક્ત કરશો.

**યશોમતીબેન પટેલના જય જલારામ**

પૂજ્ય જલારામબાપાની કૃપાથી મારી ભારતની મુસાફરી સુખરૂપ રહી અને મને સુખરૂપ સ્વસ્થ પાછો છહાચઅગદ્ધ ઘરે પહોંચાડવા બદલ પૂજ્ય બાપાનો ઘણો આભાર. પૂજ્ય બાપાની કૃપા હંમેશા અમારા ઉપર રહી છે અને હંમેશા રહે તેવી પૂજ્ય બાપાને પ્રાર્થના. આ સાથે યથાશકિત ભેટ મોકલી છે તે સ્વીકારશો અને આ પરચો છાપી ઋણમુક્ત કરશો તેવી પ્રાર્થના.

**જીગ્નેશભાઇના જય જલારામ**

પરમ પૂજ્ય જય જલારામબાપાના ચરણોમાં કોટિ કોટિ વંદન. સવિનય સહ જણાવવાનુ કે અમો યુ.એસ. સિટીઝનશીપની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે પાસ થઇ જવાય તે માટે જલારામ દર્પણ માં પરચો છાપાવવાની માનતા માની હતી તે પૂરી થઇ છે. આ પરચો છાપી માનતામાંથી મુકત કરશો. પૂ. બાપાના ચરણોમાં યથાશકિત ભેટ અર્પણ કરીએ છીએ.

**રામુભાઇ, સરોજબેન અને ભારતીબેનના જય જલારામ**

પરમ પૂજ્ય જય જલારામબાપાના ચરણોમાં કોટિ કોટિ વંદન. સવિનય જણાવવાનુ કે અમે જલારામ બાપાની માનતા રાખેલી હતી તે ફળી છે. આ પરચો છાપી માનતામાંથી મુક્ત કરશો. પૂ.બાપાના ચરણોમા યથાશકિત ભેટ અર્પણ કરીએ છીએ.

**ઉર્મિલાબેન પટેલના જય જલારામ**

**તા.ક. આપને જો કોઇ સ્વાનુભાવ (પરચો) થયો હોય તો જરૂરથી લખીને મોકલશો. સમય અને જગ્યાની અનુકુળતાએ જલારામ દર્પણમાં જરૂરથી**

## <u>વિશેષ નોંધ</u>

સૌ ભકતોને નમ્રવિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો. જેથી જૂનું સરનામું રદ કરીને નવા સરનામા પર જલારામ દર્પણ તેમજ અન્ય સમાચાર પત્રો મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ પ્રસંગોની જાણ કરવામાં આવે છે. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ વિપુલ ઠક્કરનો ૬૩૦.૯૬૫.૯૭૯૦ અથવા ઓફિસમાં ૮૪૭.૪૯૦.૫૨૫૨(JALA) પર સંપર્ક કરવા વિનંતી છે.

## <u>જનરલ</u>

દરેક ઉત્સવોના ફોટા મંદિરના બુલેટીન બોર્ડ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવી છે જેમાં આપ આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની કમિટિ યોગ્ય સૂચનો નો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

## <u>ડોનેશન કેન</u>

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ''ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર બંધાય'' તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનું નકકી થયેલ હતું.

આગામી થોડા સમયમાં આપણે મંદિરનું બાંધકામ શરૂ કરવાનું હોવાથી આપ મંદિરથી લઇ ગયેલ ડોનેશન કેન હવે ભરાઇ ગયું હશે; તો આપની અનુકુળતાએ મંદિરે કેનમાં ભેગી થયેલ રકમ જમા કરાવવા અથવા તો મંદિરનો સંપર્ક કર્યેથી કાર્યકર્તા આપના ઘેરથી પરત લઇ જવાની વ્યવસ્થા કરશે.

આભાર સહ

**જલારામ મંદિર કમિટિ**

# જલારામ દર્પણ ભેટ યોજના

આપની ભેટ બદ્દલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યકત કરે છે અને બાપ્પાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.

| | | |
|---|---|---|
| ➢ જશવંતલાલ / કોકીલાબેન ઠક્કર | $ | ૧૫.૦૦ |
| ➢ હેમંતભાઇ પટેલ | $ | ૨૧.૦૦ |
| ➢ પ્રદીપભાઇ પટેલ | $ | ૫૧.૦૦ |
| ➢ સરોજબેન પટેલ | $ | ૨૦.૦૫ |
| ➢ જયંતીભાઇ / કાશ્મીરાબેન ગાંધી | $ | ૫૧.૨૫ |
| ➢ છોટાલાલ / શાંતાબેન પટેલ | $ | ૧૦૧.૦૦ |
| ➢ મનુભાઇ / સવિતાબેન પટેલ | $ | ૨૫.૦૦ |
| ➢ દિલીપભાઇ / વિલાસબેન પટેલ | $ | ૧૦૫.૦૦ |
| ➢ વિભાકરભાઇ / અરૂણાબેન દિક્ષીત | $ | ૨૧.૦૦ |
| ➢ રશેષભાઇ / વિમલાબેન શાહ | $ | ૨૬૨.૦૦ |
| ➢ ભીખાભાઇ / હર્ષાબેન પટેલ | $ | ૨૫.૦૦ |
| ➢ પરસોત્તમભાઇ / મધુબેન પટેલ | $ | ૫૦.૦૦ |
| ➢ વલ્લભભાઇ / વિમળાબેન ધોળકિયા | $ | ૫૧.૦૦ |
| ➢ પંકજભાઇ / હીનાબેન ઠક્કર | $ | ૨૧.૦૦ |
| ➢ ભગવતીબેન પટેલ | $ | ૨૨.૦૦ |
| ➢ સુરરેશચંદ્ર / રમીલાબેન | $ | ૨૧.૦૦ |
| ➢ આર. કે. / જે. આર. | $ | ૧૨૪.૦૦ |
| ➢ ભીખાભાઇ / હર્ષાબેન | $ | ૨૫.૦૦ |
| ➢ જનકભાઇ / ઉષાબેન / મિરલકુમાર પટેલ | $ | ૫૧.૦૦ |
| ➢ જગદીશભાઇ / કલ્પનાબેન શાહ | $ | ૧૧.૦૦ |
| ➢ રોહિતભાઇ અમીન | $ | ૧૫૧.૦૦ |
| ➢ તુષારભાઇ / નીશાબેન ચોટલીયા | $ | ૧૦૦.૦૦ |
| ➢ કિરીટભાઇ પટેલ | $ | ૫૧.૦૦ |
| ➢ કુસુમબેન ગાંધી | $ | ૫૧.૦૦ |
| ➢ દિનેશભાઇ / શિલ્પાબેન પટેલ | $ | ૫૦૧.૦૦ |
| ➢ પૂનમભાઇ / શકરીબેન પટેલ | $ | ૧૧.૦૦ |
| ➢ રમેશચંદ્ર / ભારતીબેન શાહ | $ | ૫૧.૦૦ |
| ➢ સ્મીતાબેન પટેલ | $ | ૩૬૫.૦૦ |
| ➢ હરીશભાઇ / ભારતીબેન જેઠવા | $ | ૧૨૬.૦૦ |
| ➢ શ્વેતાબેન / ભાવી પટેલ | $ | ૫૧.૦૦ |
| ➢ નિલાસ પટેલ | $ | ૭૬.૦૦ |
| ➢ યશોમતીબેન પટેલ | $ | ૧૦૧.૦૦ |
| ➢ જૈમીનભાઇ પટેલ | $ | ૭૬.૦૦ |
| ➢ ઉર્મીલાબેન પટેલ | $ | ૧૧.૦૦ |
| ➢ રામુભાઇ / સરોજબેન પટેલ | $ | ૫૧.૦૦ |
| ➢ જયેશભાઇ દરજી | $ | ૫૧.૦૦ |
| ➢ જીજ્ઞેશભાઇ / અલ્પાબેન શાહ | $ | ૬૨.૦૦ |
| ➢ સુષ્મીતાબેન પટેલ | $ | ૨૧.૦૦ |
| ➢ દિનેશભાઇ / શિલ્પાબેન પટેલ | $ | ૨૫.૦૦ |
| ➢ પ્રફુલભાઇ પટેલ | $ | ૧૧.૦૦ |
| ➢ અલ્પેશકુમાર ગોહિલ | $ | ૫.૨૫ |
| ➢ બિપીનભાઇ / ઉષાબેન ઘીવાલા | $ | ૧૧.૦૦ |
| ➢ રામ ભરોસે | $ | ૧૦૫.૦૦ |

卐 નિયમિત કાર્યક્રમો 卐

**ભજન**

દર ગુરુવારે : સાંજે ૬:૦૦-૭:૪૫

પ્રથમ તથા ત્રીજા રવિવારે :સાંજે ૫:૩૦-૭:૪૫

**સુંદરકાંડ પાઠ**

દર શનિવારે : સવારે ૯:૩૦-૧૧:૩૦

**વિષ્ણુ અભિષેક**

દર અગિયારસના દિવસે : સાંજે ૬:૦૦-૭:૦૦

**શિવજી અભિષેક**

દર સોમવારે : સાંજે ૬:૦૦-૭:૦૦

**યોગાના વર્ગ**

દર રવિવારે : સવારે ૯:૧૫-૧૦:૩૦

**ભારતનાટ્યમ વર્ગ**

દર મંગળવારે : સાંજે ૬:૦૦-૭:૦૦

ભજનના કાર્યક્રમ બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે.

**: આરતીના સમય :**

મંગળા આરતી - સવારે ૭:૩૦

શણગાર આરતી - સવારે ૯:૦૦

સંધ્યા આરતી - સાંજે ૭:૩૦

**: દર્શન સમય :**

**સવારે ૭:૦૦ થી બપોરે ૧૨:૩૦**

**બપોરે ૪:૦૦ થી રાત્રે ૮:૩૦**


Shree Jalaram Mandir
425 Illinois Blvd.
Hoffman Estates, IL 60169
Ph: 847-490-JALA (5252)
WWW.SHREEJALARAMMANDIR.ORG



Non-Profit Org.
U.S. Postage
PAID
Schaumburg, IL
Permit No. 183


To,